# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૫ તા.૧૨-૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- શાળા સાંસ્કૃતિક મહોત્સવ-વાલી સંમેલન યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પરિપત્ર નં.૧૨૮ તા.૬-૧-૧૫ થી શાળાઓમાં તા.૨૦-૧-૧૫, તા.૧૮-૨-૧૫ તથા તા.૨૦-૩-૧૫ ના રોજ એમ ત્રણ વાલીસંમેલન યોજવાનું જણાવેલ છે. તે અંતર્ગત **તા.૨૦-૧-૧૫ના** રોજ યોજનાર વાલી સંમેલનમાં પરિપત્ર નં.૧૨૮ તા.૬-૧-૧૫ માં દર્શાવ્યા મુજબની કામગીરી ઉપરાંત દરેક શાળામાં **'શાળા સાંસ્કૃતિક મહોત્સવ'**નું પણ આયોજન કરવા જણાવવામાં આવે છે, તે માટે નીચેની સૂચનાઓનું પાલન કરશો.

૧ શાળાના તમામ વિદ્યાર્થીઓના વાલીઓને શાળામાં ઉપસ્થિત રહેવા સમયસર અગાઉથી જણાવવું.

૨ આ કાર્યક્રમમાં તમારા સુપરવાઈઝરશ્રી પાસેથી તમારી શાળામાં આમંત્રણ આપીને બોલાવવાના થતા મહેમાનશ્રીઓના નામ જાણી લેવાના રહેશે, તેમને અગાઉથી સમયસર લેખિતમાં આમંત્રણ આપવાનું રહેશે સુપરવાઈઝરશ્રી પાસેથી જે ધારાસભ્યશ્રી/કોર્પોરેટરશ્રીનું નામ આપવામાં આવે તેઓને જ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાખવા અને આમંત્રણ આપવું. તે ઉપરાંત વાલી મંડળના પ્રતિનિધિઓ, સમાજસેવકો, દાતાઓને પણ સમયસર લેખિતમાં આમંત્રણ આપવાના રહેશે.

૩ આ દિવસે શાળાને આસોપાલવના તોરણથી શણગારવી.

૪ આ દિવસે શાળામાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી વધુને વધુ બાળકો ભાગ લે તેમ કરવું.

૫ તમારી શાળાના દરેક વિદ્યાર્થીના વાલી પોતાના પાલ્યના શિક્ષણ તેમજ અન્ય પાસાઓના વિકાસથી વાકેફ થાય અને તે અંગે જાગૃત બને તે અત્યંત જરૂરી છે. તેથી સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વર્ગશિક્ષકે જે - તે વાલીને તેના પાલ્યનું પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ આપવું.

૬ એક બિલ્ડીંગમાં એકથી વધુ શાળાઓ બેસતી હોય તો સવારપાળીનાં મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે બેસીને આયોજન કરવું અને કાર્યક્રમ એક સાથે જ **સવારના ૧૧-૦૦ થી ૧૨-૩૦** દરમ્યાન યોજવો તેવી જ રીતે બપોરપાળીનાં મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે બેસીને આયોજન કરવું અને કાર્યક્રમ એક સાથે જ **બપોરના ૩-૦૦ થી ૫-૩૦** દરમ્યાન યોજવો.

૭ વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ તેમની નિયમિતતા અંગે વાલીઓ સાથે વ્યક્તિગત રીતે ચર્ચા કરવી.

૮ વાલીઓ પોતાના બાળકોના શિક્ષણ બાબત જાગૃત બને તેવું સુમેળ અને સહકારભર્યું વાતાવરણ ઉભું કરવું.

૯ શાળાના સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમમાં પોતાનો સહયોગ આપવો.

૧૦ મુખ્ય શિક્ષકશ્રીએ સ્ટાફના તમામ શિક્ષકોને આ કાર્યક્રમ અંગેના કામની વહેંચણી કરવી તેમજ આ દિવસે કોઈ શિક્ષક રજા પર રહે નહીં તે ખાસ જોવું.

૧૧ કાર્યક્રમમાં આવનાર તમામ મહેમાનો તેમજ વાલીઓને કુમકુમ તિલક કરી આવકારવા.

૧૨ વાલી સંમેલન/ સાંસ્કૃતિક કાર્યક્રમના સ્થળે અગાઉ બનાવેલ બેનરનો ઉપયોગ કરવાનો રહેશે.

૧૩ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તે અંગેનો વિગતવાર અહેવાલ ઉપસ્થિત મહેમાનોના નામોલ્લેખ સાથે સુપરવાઈઝરશ્રીને સુપ્રત કરવાનો રહેશે તેમજ અહેવાલ સાથે બે થી ત્રણ ફોટોગ્રાફ આપવાના રહેશે.

તા.૧૨-૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૬ તા.૧૨-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે હાલમાં જ તા.૫-૧-૧૫ના રોજ સંપન્ન થયેલ આંતર ઝોન (શહેર કક્ષા)ના રમતોત્સવમાં વિભાગ-૧,૨,૩ ની એથ્લેટીક્સ અને ઈન્ડોરગેમ્સમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયેલ બાળકો તેમજ સાંઘિક રમતોમાં શહેરકક્ષાએ પ્રથમ અને દ્વિતીય નંબરે વિજેતા થયેલ ટીમના ખેલાડીઓને સુરત ખાતે યોજાનાર રમતોત્સવમાં સિલેકશન માટે ખેલાડીઓની વિગતો નીચે મુજબના ફોર્મેટમાં ભરી (મુખ્યશિક્ષકશ્રીના સહિ-સિકકા સાથે) નીચે દર્શાવ્યા મુજબની તારીખે, સમયે અને સ્થળે વિજેતા વિદ્યાર્થીઓને ઉપસ્થિત રાખવા.

આ ઉપરાંત પરિપત્ર નં.૧૧૯ તા.૧૭-૧૨-૧૪ મુજબ કુસ્તી, સ્વીમીંગ,જીમ્નાસ્ટીક,ટેબલટેનીસ, બેડમિગ્ટન જેવી રમતોનું જ્ઞાન અને કૌશલ્ય ધરાવનાર વિદ્યાર્થીઓની યાદી તમારી બીટના સુપરવાઈઝરશ્રીને આપવા જણાવેલ. જો આ યાદી સુપરવાઈઝરશ્રીને આપેલ હોય તો તેવા બાળકોને પણ સિલેકશન માટે ઉપસ્થિત રાખવા. જો કોઈ મુખ્ય શિક્ષકશ્રી દ્વારા સુપરવાઈઝરશ્રીને યાદી આપવાની રહી ગઈ હોય તો પણ જો તમારી શાળાનું બાળક ઉપરોકત કુસ્તી, સ્વીમીંગ, જીમ્નાસ્ટીક, ટેબલટેનીસ, બેડમિગ્ટન જેવી રમતોના જાણકાર હોય તો તેમને પણ સિલેકશન માટે નીચે દર્શાવેલ તારીખે, સમયે અને સ્થળે ઉપસ્થિત રાખવા.

સિલેકશન માટેનું સ્થળ :- નારણપુરા શા.નં.૧/૨, નારણપુરા ગામમાં

તારીખ :- ૧૭-૧-૧૫

સમય :- સવારે ૮-૦૦ કલાકે

**વિજેતા ખેલાડીનું ફોર્મેટ**

| ક્રમ | ખેલાડીનું નામ (જી.આર.મુજબ) | વિભાગ | રમતનું નામ | વિજેતાક્રમાંક | જ.તા. | જી.આર.નંબર | UID | આચાર્યશ્રીનું નામ / કોન્ટેકટ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોકત દર્શાવેલ ખેલાડીની જન્મતારીખ, જી.આર.નંબર, UID નંબર મે જાતે ચકાસીને લખેલ છે.

મુખ્ય શિક્ષકશ્રીની સહિ/સિકકો

તા.૧૨-૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૭ તા.૧૨-૧-૧૫

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧૮-૧-૧૫ ના દિવસે એન.આઈ.ડી. પોલિયો રાઉન્ડ છે. બાળ લકવા નાબુદી અભિયાનના ભાગરૂપે વધુ પ્રચાર થાય અને વાલીઓમાં પોલિયો નાબુદી અંગે વધુ જાગૃતિ ફેલાય તે માટે શાળાઓમાં પ્રાર્થના સમયે વિદ્યાર્થીઓને જાણ કરવી. બાળ લકવાની અસરો અને તેનાથી થતાં ગેરલાભ અંગે બાળકોને વાકેફ કરવા. તા.૧૮-૧-૧૫ ના દિવસે વાલીઓ તેમના નાના બાળકોને નજીકના પોલિયો બુથ પર લઈ જાય અને પોલિયોના ટીપા પીવડાવે તેવી માહિતી વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારમાં આપે તેવી સમજ આપવી, જેથી પોલિયો રસીકરણ અંગે વાલીઓમાં જાગૃતિ ફેલાય. આ પરિપત્રની નોંધ શાળાના તમામ બાળકો અને શિક્ષકોને લેવડાવવી.

તા.૧૨-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

પરિપત્ર નં.૧૩૮ તા.૧૨-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક/પીઆરઈ/૧૧૯૯/ઈએમ/૧૦૭૩/ક,સચિવાલય, ગાંધીનગરના તા.૨-૧૨-૧૪નાં ઠરાવ મુજબ સ્ત્રી વિદ્યાસહાયકોની પ્રસુતિની રજા મંજૂર કરવા અંગેના હુકમ કરવામાં આવેલ છે. જે મુજબ નાણાં વિભાગનાં જાહેરનામા ક્રમાંક નં(જીએન૨૩)નં.પીએસએન/૧૦૨૦૧૪/એમ.આઈ.(૩૩૪૩૮૫) થી તા.૧૩-૧૧-૨૦૧૪નાં જાહેરનામાની જોગવાઈ મુજબ સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજાઓ અગાઉ ૧૩૫ દિવસને બદલે ૧૮૦ દિવસની રજાઓનો લાભ આપવાનો રહેશે. તેથી જે સ્ત્રી વિદ્યાસહાયકો તા.૧-૧૦-૧૪ના રોજ કે તે પછી જે સ્ત્રી વિદ્યાસહાયકો પ્રસુત્રિની રજા પર હોય અથવા બિનપગારી રજા પર ચાલુ હોય તેઓને પણ આ જાહેરનામા મુજબ નિયત મળવાપાત્ર રવાઓની મર્યાદામાં પ્રસુતિની રજા કુલ ૧૮૦ દિવસથી વધવી ન જોઈએ.

ઉપરોકત પરિપત્રની શાળાનાં તમામ કર્મચારીઓને નોંધ લેવડાવશો અને તે મતલબની તેમની સહી લેશો. પરિપત્ર શાળા દફતરે રાખશો.

તા. -૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

**પ્રાથમિક શાળાઓના સ્ત્રી વિદ્યાસહાયકોને**
**પ્રસુતિની રજા બાબત.**

ગુજરાત સરકાર

**શિક્ષણ વિભાગ**

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૯/ઇએમ/૧૦૭૩/ક,

સચિવાલય, ગાંધીનગર

તા.૦૨/૧૨/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૬/3050/૧૦૨૭(૯૮)/ક તા.૧૧/૬/૧૯૯૮

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૯૯/ઇ.એમ./૧૦૭૩/ક તા.૨૨/૧૦/૨003

(3) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃનં.(જી.એન.૨૩)નં.પીએસએન/૧૦૨૦૧૪/એમ.આઇ.(૩૩૪૩૮૫) /પી તા.૧૩/૧૧/૨૦૧૪

**આમુખઃ-**

**ઉપર સંદર્ભ-(૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૧૯૯૮ ના ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમીક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે.** સંદર્ભમાં(૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૨/૧૦/૨003ના ઠરાવની જોગવાઇઓ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓને આધિન રાજયની પ્રાથમિક શાળાઓમાં સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજાના લાભ આપતા હુકમો બહાર પડવામાં આવેલા છે. સંદર્ભઃ-(3) માં જણાવેલ નાણા વિભાગના જાહેરનામાની જોગવાઇઓ મુજબ અગાઉ ૧૩૫ દિવસના બદલે ૧૮૦ દિવસની સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજા મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

કાળજી પૂર્વકની વિચારણાના અંતે સંદર્ભઃ(3) માં દર્શાવેલ નાણા વિભાગના જાહેરનામાની જોગવાઇઓ લાગુ પાડવામાં આવે છે. તેમજ જે સ્ત્રી વિદ્યાસહાયકો તા.૧/૧૦/૨૦૧૪ ના રોજ કે તે પછી જે સ્ત્રી વિદ્યાસહાયકો પ્રસુતિની રજા પર હોય અથવા બિન પગારી રજા પર ચાલુ હોય તેઓને પણ આ જાહેરનામા મુજબ નિયત મળવાપાત્ર રજાઓની મર્યાદામાં પ્રસુતિની રજાઓનો લાભ આપવાનો રહેશે જો કે કુલ દિવસ ૧૮૦ થી વધવા ન જોઇએ.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એસ.એમ.મિસ્ત્રી)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

ન્યુ 002

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓ
- તમામ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી/સીલેકટ ફાઇલ
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.